જૈનાશ્રિત ચિત્રકળાના ઉત્કર્ષ, સંરક્ષણ અને વિકાસમાં

# અંચલગચ્છીય શ્રમણોનો અદ્વિતીય ફાળો

— શ્રી સારાભાઈ મણિલાલ નવાબ

મારા છેલ્લા પચાસ વર્ષના જૈનાશ્રિત ચિત્રકલાના નિરીક્ષણ, પ્રકાશન અને સંગ્રહ કરવાના પ્રયાસ દરમ્યાન જૈનાશ્રિત ચિત્રકલાના અદ્વિતીય નમૂનાઓના સંગ્રહ સમાન ગુજરાતના ખંભાત બંદરના સામે કિનારે આવેલા ગંધાર બંદરમાં ચિતરાએલી અમદાવાદના દેવસાના પાડાના ઉપાશ્રયમાં આવેલા શ્રી દયાવિમલજી શાસ્ત્ર સંગ્રહની સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની ૧૮૭ પાનાની તથા કાલક કથાની ૧૪ પાનાની હસ્તપ્રતમાં તેના પાને પાને, પથરાએલી કળાલક્ષ્મીનું પ્રકાશન મેં મારા તરફથી પ્રસિદ્ધ થએલા જૈન ચિત્ર કલ્પદ્રુમ, ચિત્ર કલ્પસૂત્ર, પવિત્ર કલ્પસૂત્ર, સંગીત નાટય રૂપાવલિ અને છેલ્લે છેલ્લે ગયા વરસે ઈ. સ. ૧૯૭૬ માં પ્રસિદ્ધ કરેલ બારસ સૂત્રના પાને પાને સાડા ત્રણસો ઉપરાંત સંગીત અને નાટય શાસ્ત્રના રૂપો પ્રસિદ્ધ કરેલાં છે. તેવી જ રીતે અમદાવાદના શામળાની પોળમાં આવેલા શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીય શ્રી ભાતૃચંદ્રસૂરીશ્વરજીના સંગ્રહની વિક્રમ સંવત ૧૫૧૮ માં ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણમાં ચિતરાએલી 'જૈન જાતકોના ચિત્રપ્રસંગોવાળી કલ્પસૂત્રની સુવર્ણાક્ષરી હસ્તપ્રત' નો પરિચય મેં ઈ. સ. ૧૯૫૬ માં શ્રી મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ) તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ 'આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ' (પૃ. ૧૬૧ થી ૧૬૭)માં મારા લેખમાં બે ચિત્રો સાથે તથા ઈ. સ. ૧૯૭૬ માં પ્રભુ મહાવીર સ્વામી, શ્રી પાર્શ્વનાથ પ્રભુ, શ્રી નેમિનાથ પ્રભુ તથા શ્રી આદીશ્વર પ્રભુના પૂર્વ ભવોના તથા મુખ્ય મુખ્ય જીવન પ્રસંગોના ચિત્રો મારા 'બારસા સૂત્ર (સચિત્ર) ગુજરાતી ભાષાંતર'માં સોનેરી શાહીમાં છપાવીને મેં જગત સમક્ષ કલા રસિકોની તથા જૈન સમાજની જાણ માટે પ્રસિદ્ધ કરેલાં છે.

આવી જ રીતે, વડોદરાના શ્રી આત્મારામ જ્ઞાન મંદિરમાં આવેલા શ્રી હંસવિજયજીના શાસ્ત્ર સંગ્રહમાં આવેલી વિક્રમ સંવત ૧૫૨૨ માં યવનપુર (જોનપુર) માં લખાએલી અદ્વિતીય સુશોભનોવાળી, સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની હસ્તપ્રતમાંની જુદી જુદી વેલ બુટ્ટાની આકૃતિઓ તથા ભૌમિતિક આકૃતિઓવાળી તથા વિવિધ પ્રકારના પ્રાણીઓની સુંદર કલા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃતિઓ પૈકીની ૭૫ કલાકૃતિઓ મૂળ રંગમાં તથા તેની વિશિષ્ટ શૈલીના ચિત્રોને પણ મેં મારા ઉપરોક્ત 'જૈન ચિત્ર કલ્પદ્રુમ,' 'ચિત્ર કલ્પસૂત્ર' 'પવિત્ર કલ્પસૂત્ર' ઈત્યાદિ ગ્રંથોમાં છપાવીને, જગત સમક્ષ મૂકવાનો મેં યથાશકય પ્રયત્ન કર્યો છે.

આ રીતે દેવસાના પાડાની પ્રત તપાગચ્છના વિમલ શાખાના સંગ્રહમાં છે. શામળાની પોળના ઉપાશ્રયની પ્રત શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છના સંગ્રહમાં છે અને વડોદરાની જોનપુરવાળી હસ્તપ્રત, સ્વર્ગસ્થ શ્રી હંસવિજયજીના સંગ્રહની હસ્તપ્રત શ્રી આત્મારામજી મહારાજના જ્ઞાનમંદિરમાં છે.

આ ત્રણે પ્રતોથી પણ જુદી જ વિશિષ્ટ કળાલક્ષ્મીના મુગટ સમાન પાને પાને સુંદર વેલ બુટ્ટાઓ, માત્ર અડધા ઈંચથી પણ ઓછી જગ્યામાં સુંદર હાવભાવ કરતી નર્તકીઓ, ભૌમિતિક આકૃતિઓ, બારીકમાં બારીક હાથીની જુદી જુદી ચેષ્ટાઓવાળી આકૃતિઓના ભંડારરૂપ એક અદ્વિતીય સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની હસ્તપ્રત વિક્રમ સંવત ૧૫૫૮ માં ગુજરાતની પ્રાચીન રાજધાની પાટણમાં જ લખાએલ હસ્તપ્રત જામનગરના અંચલગચ્છીય ગ્રંથભંડારમાં આવેલી છે, તેનો સવિસ્તર પરિચય અને અંચલગચ્છીય શ્રમણોના ઉપદેશથી લખાયેલી કેટલીક બીજી હસ્તપ્રતો કે જુદા જુદા સંગ્રહોમાં સંગ્રહાએલી છે, તેનો પરિચય આ લેખમાં આપવાનો હું પ્રયાસ કરીશ.

(૧) જામનગરના અંચલગચ્છીય ભંડારમાં આવેલી કલ્પસૂત્રની અદ્વિતીય સુવર્ણાક્ષરી પ્રતમાં આપેલા ચિત્રો તથા તેના કયા પાને કળાની દૃષ્ટિએ કયા કયા ચિત્ર પ્રસંગોનો સુશોભનો તરીકે ઉપયોગ કરેલો છે, તેની નોંધ ચાલુ વરસના કારતક વદ ૫ ને ગુરુવારના રોજ તા. ૧-૧૨-૭૬ ની રાત્રે ૯ થી ૧૧-૩૦ સુધીમાં ત્યાંના ટ્રસ્ટી શ્રીયુત નગીનદાસ સોમચંદ શાહની હાજરીમાં મેં મારી જાતે કરી લીધેલી, તે ઉપરથી આ યાદી સમાજની જાણ માટે પ્રસિદ્ધ કરું છું.

આ પ્રતમાં કલ્પસૂત્રનાં પાનાં ૧૫૧ છે અને તેમાં ૫૧ ચિત્ર પ્રસંગો છે. અને કાલિકાચાર્ય કથાનાં પાનાં ૧૩ છે અને તેમાં ચિત્રો ૭ છે.

### કલ્પસૂત્રના ચિત્રો

| | | |
|---|---|---|
| પાનું | ૧ | મહાવીર (ચ્યવન કલ્યાણક). ચિત્ર ૧ |
| ,, | ૨-૧ | મહાવીર શ્રમણાવસ્થામાં, અષ્ટમંગલ સહિત. ચિત્ર ૨ |
| ,, | ૩-૧ | ઉપર અને નીચેની કિનારમાં નૃત્ય કરતી નર્તકીઓ રજૂ કરેલી છે. |
| ,, | ૪ | દેવાનંદા ચૌદ સ્વપ્ન જોતાં. ચિત્ર ૩ |
| ,, | ૫-૧ | ચૌદ સ્વપ્ન કિનારમાં. ચિત્ર ૪ (અષ્ટમંગલની આકૃતિઓ સુશોભન તરીકે) |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

,, ૫ બંને બાજુ હાંસિયામાં સુંદર રીતે નૃત્ય કરતી નર્તકીઓ રજૂ કરેલી છે.
,, ૬ બંને હાંસિયા અને બન્ને કિનારોમાં સૂક્ષ્મ હાથીઓની શ્રેણી ચિતરેલી છે.
,, ૮ ઉપર અને નીચે બંને કિનારમાં નૃત્ય કરતી નર્તકીઓ રજૂ કરેલી છે.
,, ૯ ઇંદ્રિસભાનું સુંદર ચિત્ર. ચિત્ર ૫
,, ૧૩ શક્રસ્તવ. ચિત્ર ૬
,, ૧૫ ઉપર અને નીચે બન્ને કિનારોમાં નૃત્ય કરતી નર્તકીઓ રજૂ કરેલી છે.
,, ૧૬ જંગલમાં શિકાર કરતા શિકારીઓનાં સુંદર દશ્યો રજૂ કરેલાં છે.
,, ૧૭ બંને હાંસિયાઓમાં પક્ષીઓનાં સુંદર સંયોજન ચિત્રો રજૂ કરેલાં છે.
,, ૧૮ શક્રજ્ઞા. ચિત્ર ૭
,, ૨૦ ઉપર અને નીચે બંને કિનારોમાં બારીક હાથીઓ સુશોભન તરીકે રજૂ કરેલાં છે.
,, ૨૧ ગર્ભાપહારનો પ્રસંગ. ચિત્ર ૮
,, ૨૨–૧ ઉપર અને નીચે બંને કિનારોમાં નૃત્ય કરતી નર્તકીઓ રજૂ કરેલી છે.
,, ૨૨ ગર્ભ સંક્રમણ. ચિત્ર ૯
" ૨૫ દેવાનંદા શય્યામાં. ચિત્ર ૧૦
,, ૨૬–૧ ત્રિશલામાતા ચૌદ સ્વપ્ન જોતાં. ચિત્ર ૧૧
,, ૨૭ ઉપર અને નીચે બંને કિનારોમાં નૃત્ય કરતી નર્તકીઓ.
,, ૩૨–૧ બન્ને કિનારોમાં શિકારના સુંદર દશ્યો.
,, ૩૬ મલ્લ યુદ્ધ. ચિત્ર ૧૨.
,, ૩૭ સિદ્ધાર્થ સ્નાનગૃહમાં. ચિત્ર ૧૩
,, ૪૧ સિદ્ધાર્થ અને ત્રિશલા. ચિત્ર ૧૪
,, ૪૨ સ્વપ્ન પાઠકો. ચિત્ર ૧૫
,, ૪૩ બંને કિનારોમાં યુદ્ધનાં દશ્યો છે.
,, ૫૦–૧ બંને કિનારોમાં નૃત્ય પૂતળીઓ રજૂ કરેલી છે.
,, ૫૦ ગર્ભ નહિ ફરકવાથી શોકાતુર ત્રિશલા. ચિત્ર ૧૬
,, ૫૧ બંને કિનારોમાં નૃત્ય કરતી નર્તકીએ રજૂ કરેલી છે.
,, ૫૧ બંને કિનારોમાં નૃત્ય કરતી નર્તકીઓ રજૂ કરેલી છે.
,, ૫૧ ગર્ભ ફરકવાથી ત્રિશલાનો આનંદ. ચિત્ર ૧૭
,, ૫૩ પ્રભુ મહાવીરનો જન્મ. ચિત્ર ૧૮
,, ૫૩ બંને કિનારોમાં દિક્કુમારીઓનાં આગમનનાં દશ્યો રજૂ કરેલાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાનું ૫૫ પ્રભુ મહાવીરનો મેરુ પર્વત પર જન્માભિષેક. ચિત્ર ૧૯
,, ૫૮–૧ બંને કિનારોમાં નૃત્ય કરતી દેવાંગનાઓ રજૂ કરેલી છે.
,, ૫૮ પ્રભુ જન્મ સમયે ષષ્ઠી જાગરણ. ચિત્ર ૨૦
,, ૫૯ વર્ધમાન કુમારની આમલકી ક્રીડા. ચિત્ર ૨૧
,, ૬૦ નિશાળે ભણવા જતા વર્ધમાનકુમાર. ચિત્ર ૨૨
,, ૬૩ સંવત્સરી દાન દેતા વર્ધમાન કુમાર. ચિત્ર ૨૩
,, ૬૪ ચંદ્રલેખા પાલખીમાં દીક્ષા લેવા જતા વર્ધમાનકુમાર. ચિત્ર ૨૪
,, ૬૭ વર્ધમાનકુમાર પંચમુષ્ટિ લોચ કરતા. ચિત્ર ૨૫
,, ૬૮ પ્રભુ મહાવીરને સંગમનો ઉપસર્ગ. ચિત્ર ૨૬
,, ૭૩ પ્રભુ મહાવીરનું સમવસરણ. ચિત્ર ૨૭
,, ૭૩ બંને કિનારોમાં નૃત્ય કરતી દેવાંગનાઓનાં દૃશ્યો.
,, ૭૪–૧ બંને હાંસિયાઓમાં અષ્ટમંગલની સુશોભનો તરીકે રજૂઆત કરવામાં આવી છે.
,, ૭૫ પ્રભુ મહાવીરનું નિર્વાણ. ચિત્ર ૨૮
,, ૭૮ આર્યા મૃગાવતીની પાસે ક્ષમા માગતાં આર્યા ચંદનબાળાનો પ્રસંગ. ચિત્ર ૨૯
,, ૮૨ શ્રી પાર્શ્વનાથ (ચ્યવન કલ્યાણક). ચિત્ર ૩૦
,, ૮૩ શ્રી પાર્શ્વનાથનો જન્મ. ચિત્ર ૩૧
,, ૮૫ કમઠનો પંચાગ્નિ તપ. ચિત્ર ૩૨
,, ૮૬ કમઠનો ઉપસર્ગ (સહસ્રફણા પાર્શ્વનાથ). ચિત્ર ૩૩
,, ૯૦–૧ બંને કિનારોમાં નૃત્ય કરતી નર્તકીઓની રજૂઆત કરેલી છે.
,, ૯૦ શ્રી નેમિનાથ (ચ્યવન કલ્યાણક). ચિત્ર ૩૪
,, ૯૧ શ્રી નેમિ જન્મ. ચિત્ર ૩૫
,, ૯૨ નેમિ હોળી ખેલન (ઉપર), નેમિ શંખવાદન (નીચે). ચિત્ર ૩૬
,, ૯૪ નેમિકુમાર રથ પાછો વાળે છે (ઉપર), નેમિકુમારની જાન (નીચે). ચિત્ર ૩૭
,, ૯૫ નેમિ સમવસરણ અને પંચ મુષ્ટિ લોચ (ઉપર), નેમિ નિર્વાણ (નીચે). ચિત્ર ૩૮
,, ૯૭–૧ ઉપર અને નીચેની બંને કિનારો તથા બંને હાંસિયાઓમાં, કુલ પદ્માસનસ્થ ૨૪ તીર્થંકરોની રજૂઆત ચિત્રકારે કરેલી છે.
,, ૯૭ વીશ તીર્થંકરો. ચિત્ર ૩૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પત્રાંક ૯૭ બંને કિનારો તથા બંને હાંસિયાઓમાં કુલ પદ્માસનસ્થ ૨૦ તીર્થંકરોની સુશોભન તરીકે રજૂઆત ચિત્રકારે કરેલી છે.
,, ૯૮–૧ બંને કિનારો તથા બંને હાંસિયાઓમાં, કુલ ૨૪ તીર્થંકરોની પદ્માસનસ્થ મૂર્તિઓની રજૂઆત ચિત્રકારે કરેલી છે.
,, ૯૮ આ પાનામાં પણ ઉપર પ્રમાણે જ ૨૪ તીર્થંકરોની પદ્માસનસ્થ મૂર્તિઓની રજૂઆત કરેલી છે.
,, ૧૦૧ ઉપર અને નીચે કિનારોમાં નૃત્ય કરતી નર્તકીઓની રજૂઆત કરેલી છે.
,, ૧૦૨ શ્રી ઋષભદેવનો જન્મ. ચિત્ર ૪૦
,, ૧૦૪–૧ બંને કિનારોમાં નર્તકીઓની રજૂઆત.
,, ૧૦૪ શ્રી ઋષભનો જન્માભિષેક. ચિત્ર ૪૧
,, ૧૦૫–૧ બંને કિનારોમાં નર્તકીઓની રજૂઆત.
,, ૧૦૫ ઋષભકુમારનો લગ્ન મહોત્સવ. ચિત્ર ૪૨
,, ૧૦૬ ઋષભકુમારનો રાજ્યાભિષેક. ચિત્ર ૪૩
,, ૧૦૭ માતા મરુદેવા હસ્તિસ્કંધ ઉપર. ચિત્ર ૪૪
,, ,, બંચે કિનારોમાં નર્તકીઓની રજૂઆત.
,, ૧૧૧ પ્રભુ મહાવીરના ૧૧ ગણધરો. ચિત્ર ૪૫
,, ૧૧૧ બંને કિનારો તથા હાંસિયાઓમાં જૈન સાધુઓની રજૂઆત કરેલી છે.
,, ૧૧૩ જંબુકુમાર અને આઠ સ્ત્રીઓ. ચિત્ર ૪૬
,, ૧૧૭ રથિકકલા અને કોશા નૃત્ય. ચિત્ર ૪૭
,, ૧૧૮ આર્ય સ્થૂલિભદ્ર અને સાત સાધ્વી બહેનો. ચિત્ર ૪૮
,, ૧૧૯ શય્યંભવસૂરિ અને મનકકુમારનો પ્રસંગ. ચિત્ર ૪૯
,, ૧૨૫ આર્ય વજ્રસ્વામીનો જીવન પ્રસંગ. ચિત્ર ૫૦
,, ૧૩૬ બંને હાંસિયાઓમાં તથા બંને કિનારોમાં ચૌદ સ્વપ્ન અને અષ્ટ મંગલનાં સુશોભનો.
,, ૧૪૯–૧ હાંસિયાઓ અને કિનારોમાં હાથી અને ઘોડાઓનો સુશોભનોમાં ઉપયોગ કરેલો છે.
,, ૧૫૦ બંને કિનારોમાં નૃત્ય કરતી નર્તકીઓ રજૂઆત કરેલી છે.
,, ૧૫૧ પ્રભુ મહાવીરની અંતિમ દેશના. ચિત્ર ૫૧ (આ જ પાનામાં આ હસ્તપ્રત લખાવનાર જૈનાચાર્યની અને લખ્યા સ્થળના ઉલ્લેખવાળી પુષ્પિકા આપેલી છે. આ કલ્પસૂત્રવાળો ભાગ અહીં પૂરો થાય છે.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કાલક કથાનાં ચિત્રો

પાનું ૧ અશ્વ ખેલાવતા કાલકકુમાર (ઉપર), ગુણાકરસૂરિનો કાલકકુમારને ઉપદેશ (નીચે). ચિત્ર ૫૨

,, ૧ બંને કિનારોમાં તથા બંને હાંસિયાઓમાં શક લોકોને જુદી જુદી રમતો રમતાં રજૂ કરેલા છે.

,, ૨ સરસ્વતી સાધ્વીનું અપહરણ કરીને ઘોડા ઉપર લઈ જતો ગર્દભિલ રાજા. ચિત્ર ૫૩

,, ૩ આર્યકાલક અને સાહી રાજા. ચિત્ર ૫૪

,, ૪ આર્યકાલક શકકુમારોને બાણ વડે કૂવામાંથી દડો કાઢી આપે છે, તે પ્રસંગ. ચિત્ર ૫૫

,, ૪ બંને કિનારોમાં તથા બંને હાંસિયાઓમાં જુદી જુદી જાતની રમતો રમતા શક લોકો.

,, ૬–૧ બંને કિનારોમાં મસ્તક ઉપર સોનાની પાટો ઉપાડીને જતા શક સૈનિકો.

,, ૬ ઉપર પ્રમાણે સોનાની પાટો ઉપાડીને જતા શક સૈનિકો.

,, ૬ યોગચૂર્ણથી ઈંટોનું સોનામાં પરિવર્તન કરતા આર્યકાલકનો પ્રસંગ. ચિત્ર ૫૬

,, ૭–૧ કિનારો તથા હાંસિયાઓમાં જુદી જુદી કલાઓ આચરતા શક લોકો.

,, ૭ ઉપર પ્રમાણે કલાઓ આચરતા શક લોકો.

,, ૮ ગર્દભી વિદ્યાનો ઉચ્છેદક કરવા માટે બાણોનો વરસાદ વરસાવતા આર્યકાલક અને શક સૈનિકો. ચિત્ર ૫૭

,, ૮–૧ કિનારોમાં તીરોનો મારો ચલાવતા શક સૈનિકોની રજૂઆત કરી છે.

,, ૧૧ બંને હાંસિયાઓમાં નૃત્ય કરતી નર્તકીઓની રજૂઆત કરવામાં આવી છે.

,, ૧૨ આર્યકાલક અને બ્રાહ્મણરૂપે ઈંદ્ર (ઉપર), આર્યકાલક અને મૂળરૂપે ઈંદ્ર (નીચે). ચિત્ર ૫૮

,, ૧૩ માં કાળી શાહીથી લખેલી પુષ્પિકામાં આ પ્રત શ્રેષ્ઠ શ્રી રાયશી શાહના પુત્ર રામસિંહે આ સુવર્ણાક્ષરી હસ્તપ્રત ખરીદ કરીને પોતાના સંગ્રહમાં રાખી. અને તે મૂલ્યવાન પ્રત વિધિપક્ષ અંચલગચ્છના ગણનાયક શ્રી કલ્યાણસાગરસૂરિના રાજ્યમાં (વિદ્યમાનતામાં) શ્રી રાયશી શાહના સંગ્રહનું આ પુસ્તક પૂજ્યશ્રી કલ્યાણસાગરસૂરિજીને અર્પણ કર્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सं० १५५८ वर्षे श्री पत्तने श्रीखरतरगच्छे श्री पूज्य श्री जिनहर्षसूरि विजय राज्ये आचार्य श्री विवेकरत्नसूरि शिष्यैः श्री साधु हर्षोपाध्यायैः श्री सुवर्णकल्प पुस्तके लेखयांचक्रे ज्यो. बडूआकेन लिखितं.

અર્થાત્ સંવત ૧૫૫૮ માં પાટણ શહેરમાં શ્રી ખરતરગચ્છીય આચાર્ય શ્રી જિનહર્ષસૂરિજીની વિદ્યમાનતામાં, આચાર્ય શ્રી વિવેકરત્નસૂરિજીના શિષ્ય શ્રી સાધુહર્ષ ઉપાધ્યાયજીએ સુવર્ણાકારી કલ્પસૂત્રની હસ્તપ્રત જ્યોતિષી બડૂઆ પાસે લખાવી છે.

કાલક કથાની સુવર્ણકારી હસ્તપ્રતના ૧૩ મા પાના ઉપર કાળી શાહીથી લખેલી પુષ્પિકા કે જેનો કેટલોક ભાગ ઘસાઈ ગયેલો હોવા છતાં તે આ પ્રમાણે વંચાય છે :

(१) संवत् बाणदयर्त्तुराजगणितेउदग्रपुण्यां वसतेजसिस्त कुलशिरो.

(२) मणि श्री राजसिंह नवै पुत्रा उत्तर रामसिंह...जा श्री कल्पपुस्तं.

(३) निजेचित्कोशे विधृतं मुनं तदनुतरं सदाच्यमानचिरम् विधि प [ – ]

(४) क्षेगणप्रभावतुल्य श्री कल्याण समुद्र(सागर)सूरि

(५).......त्तरामसिंहे विनयेनद्रमुद्रोत्तेजस्याप्ति बादिंद्र वृंदवंधे ॥ २

(६) पूज्य श्री कल्याणसागरसूरिस्वर विजयते राज्ये सा० राजसींकस्य पुस्तं ॥

અર્થાત્ સંવત ૧૬૫૨ માં ઉગ્ર પુણ્યવાળી નિવાનગરમાં રહેવાવાળા તેજસી શાહના વંશમાં શિરોમણિ તુલ્ય શ્રી રાજસિંહ શાહના રામસિંહ નામના પુત્રે આ (સુવર્ણાક્ષરી) કલ્પસૂત્રનું પુસ્તક, પોતાના ભંડારમાં હતું તે લાવીને, નિરંતર વાંચન કરવા માટે વિધિપક્ષના ગણનાયક શ્રી કલ્યાણસમુદ્ર(સાગર)-સૂરિજી કે જેઓ વાદીઓના સમૂહથી વીંટળાયેલા રહેતા હતા, તે શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીના સમયમાં શ્રી રાજસિંહ શાહનું આ પુસ્તક વિનયપૂર્વક રાજસિંહ શાહે વહોરાવ્યું.

આ પુષ્પિકામાં પૂજ્ય શ્રી કલ્યાણસાગરજીનો શ્રી કલ્યાણસમુદ્ર તરીકે પણ ઉલ્લેખ કરેલો છે, તે સહેતુક છે. કારણ કે, સમુદ્ર અને સાગરનો અર્થ એક જ થાય છે.

હવે જે મહાપુરુષની ચોથી શતાબ્દી નિમિત્તે આ લેખ લખવામાં આવેલ છે, તે મહાપુરુષનો અને શ્રી રાયસી શાહનો ટૂંક પરિચય 'અંચલગચ્છ દિગ્દર્શન'ના પાના ૪૨૩ માં આ પ્રમાણે આપેલો છે.

"મહાજનોમાં મુખ્ય એવા નાગડ ગોત્રીય ભોજા શાહ મૂળ પારકરના રહીશ હતા. તેઓએ નવાનગર (હાલનું જામનગર)ને વ્યાપારનું કેન્દ્ર જાણી શાહ ભોજાએ અહીં પેઢી સ્થાપી. તે વખતના જામસાહેબે તેમના રહેવા માટે ઉત્તમ જગ્યા આપી. ભોજા શાહ સંવત ૧૫૯૬ માં શુભ મૂહુર્તે કુંટુંબ સહિત જામનગરમાં આવીને રહ્યા. તેઓને ભોજલદેવી નામની પત્નીથી ખેતસી, જેતસી, તેજસી, જગસી અને રતનસી નામના પાંચ પુત્રો ઉત્પન્ન થયા હતા. સંવત ૧૬૩૧–૩૨માં પડેલા દુષ્કાળમાં બીજા પુત્ર જેતસીએ દાનશાળાઓ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખુલ્લી મૂકી દીધી હતી. ત્રીજા પુત્ર તેજશી શાહ ઘણા પુણ્યવાન, રૂપવાન, અને તેજસ્વી હતા. તેઓને તેજલદે તથા વૈજલદે નામની બે પત્નીઓ હતી. પ્રથમ તેજલદેથી ચાંપશી નામનો પુત્ર થયો. બીજી વૈજલદે જે ઘણી ગુણવાન, ધર્મિષ્ઠ અને પતિપરાયણ હતી, તેની કુક્ષિથી સંવત ૧૬૨૪ ના માગશર વદી ૧૧ ના દિવસે શુભ લક્ષણયુક્ત પુત્રનો જન્મ થયો. જ્યોતિષીઓએ તે પુત્રનું જન્મ લગ્ન જોઈને કહ્યું: 'આ બાળક જગતનો પાલનહાર થશે.' તે બાળકનું નામ રાજસી પાડવામાં આવ્યું. રાજસીને સજલદે નામની ગુણવાન પત્ની હતી. તે સજલદેથી રામ નામનો પુત્ર થયો."

રાજસી શાહનાં સુકૃત્યોની નોંધ ઉપરોક્ત 'અંચલગચ્છ દિગ્દર્શન'માં પાના ૪૨૭ થી ૪૩૬ માં વિસ્તારથી આપેલી છે, તે વાંચકોને જોઈ જવા મારી ભલામણ છે.

પૂજ્ય કલ્યાણસાગરસૂરિજી માટે પણ આ ગ્રંથમાં ખૂબ વિસ્તારથી માહિતી આપેલી છે. અહીં તો આ પ્રતને ઉપયોગી વસ્તુઓની ટૂંક નોંધ આપવામાં આવી છે.

સંવત ૧૬૫૨ માં રાયશી શાહની વિનંતિથી શ્રી કલ્યાણસાગરજી જામનગર પધાર્યાનો ઉલ્લેખ પણ આ ગ્રંથમાં છે. અને તે જ વરસમાં રાયસી શાહની વિનંતિથી જામનગરમાં ચાતુર્માસ કર્યું હતું અને તે ચાતુર્માસ દરમ્યાન જ સંવત ૧૬૫૨ માં જ આ અદ્વિતીય કલાસમૃદ્ધિ વાળી સુવર્ણાકારી કલ્પસૂત્રની હસ્તપ્રત પોતાના ભંડારમાંથી રાયસી શાહ તથા તેમના પુત્ર રામસિંહે સન્માનપૂર્વક વહોરાવ્યાનો ઉલ્લેખ આપણે ઉપર કર્યો જ છે.

ઉપર આપેલી માહિતી ઉપરથી અને ટૂંકમાં પ્રસંગો માત્રનો ઉલ્લેખ કરીને, શ્રી અંચલગચ્છીય જૈન શ્રમણો તથા જૈન શ્રેષ્ઠીઓનું હું ધ્યાન દોરવા માગું છું. આવી અમૂલ્ય કલાસમૃદ્ધિનું રસપાન કલારસિકોને કરાવવા માટે જો કટિબદ્ધ થશે, તો અંચલગચ્છીય યુગપુરુષ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી તથા દાનવીર રાયશી શાહનું નામ પણ જગતભરના કલારસિકોમાં પ્રસિદ્ધ થશે.

આ હસ્તપ્રતનું પ્રથમ દર્શન મને હાલના સેવાભાવી વહીવટદાર શ્રીયુત નગીનદાસ સોમચંદ શાહની સહાનુભૂતિથી તા. ૨૮–૧૧–૧૯૭૩ ના રાતના ૯ થી ૧૧–૩૦ સુધી કરાવવામાં આવ્યું હતું. અને મુંબઈ બિરાજતા મુનિ શ્રી કલાપ્રભસાગરજીએ મને પત્ર લખીને આ પત્ર શ્રી રાયશી શાહે પૂજ્ય શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીને વહોરાવ્યાનો ઉલ્લેખ આ પ્રતમાં હોવાનો નિર્દેશ મને ઘાટકોપરથી ૧૯૭૭ ના નવેમ્બર માસમાં પત્ર દ્વારા કરવાથી, મેં જાતે જામનગર જઈને ફરીથી તા. ૧–૧૨–૧૯૭૭ ના આ કલાસમૃદ્ધિનાં દર્શન કર્યાં અને આ નોંધો તૈયાર કરી. આ માટે પૂજ્ય શ્રી કલાપ્રભસાગરજીનો આભાર માનું છું.

(૨) અંચલગચ્છીય શ્રી ધર્મપ્રભસૂરિજીએ વિ. સં. ૧૩૮૯ માં પ્રાકૃત ભાષામાં રચેલી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાલિકાચાર્ય કથાની સુવર્ણાક્ષરી પ્રત વડોદરામાં શ્રી આત્મારામ જ્ઞાનમંદિરમાં આવેલી છે. તેમાં તેના છેલ્લા પાનામાં આ પ્રમાણે પુષ્પિકા આવેલી છે :

इति श्री कलिकाचार्य कथा संक्षेपतः कृता ।

अष्टङ्कयक्षवर्षेऽसो श्रीधर्मप्रभसूरिभिः ॥ (५८)

इति श्री कालिकाचार्य कथा संपूर्णः ॥ छ ॥ श्री ॥

(જુઓ. 'જૈન ચિત્ર કલ્પદ્રુમ.' ચિત્ર ૧૬૯)

કાલિકાચાર્ય કથાની આ પુષ્પિકા પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી શાસ્ત્ર સંગ્રહની વડોદરામાં આવેલી સુવર્ણાક્ષરી હસ્તપ્રત કે જે એવી જીર્ણ સ્થિતિમાં હતી કે તેના પાનાને હાથ અડાડતાં જ ચૂરો થઈ જાય તેવા હતા, છતાં તેના ઉપર લખેલા દિવ્ય અક્ષરો પાંચસો વર્ષ વીતી ગયાં હોવા છતાં આજે પણ જોવાને તેવા દેખાય છે. આ કલ્પસૂત્ર અને કાલક કથાની હસ્તપ્રતમાં કુલ ૨૯ ચિત્રો હતાં, તેમાંથી સંપૂર્ણ ચિત્ર બે જ હોવાથી ઇ.સ. ૧૯૩૫માં મારા તરફથી છપાવેલા 'જૈન ચિત્ર કલ્પદ્રુમ' નામના ગ્રંથમાં ચિત્ર ૧૭૦ અને ૧૭૧ તરીકે રજૂ કર્યા હતા. અને ચિત્ર ૧૬૯ તરીકે આચાર્ય શ્રી ધર્મપ્રભસૂરિજીની બનાવેલી કાલિકાચાર્ય કથા સંક્ષેપમાં રચી, તે અંગેની માહિતી આપતી પુષ્પિકા જે ઉપર રજૂ કરવામાં આવી છે, તે ચિત્ર ૧૬૯ માં છપાવવામાં આવેલી છે.

આ ઉપરાંત શ્રી ધર્મપ્રભસૂરિજીની રચેલી કાલક કથાની એક સચિત્ર સુવર્ણાક્ષરી હસ્તપ્રત પટણાના સુવિખ્યાત રાધાકૃષ્ણ જાલાનના સંગ્રહમાં લગભગ પંદરમા સૈકાની, લાલ જમીનવાળી અને ૧૦ ચિત્રોવાળી મેં તા. ૨-૧૨-૧૯૪૫ના મારા યાત્રા પ્રવાસ વખતે જોઇ હતી. તેમાં પણ ઉપર પ્રમાણે જ પ્રતના અંત ભાગમાં ઉલ્લેખ હતો. વધારામાં छाजहड गोत्री गुणसाजी लिखापितं આટલા અક્ષરો લખેલા હતા.

ત્રીજી કાલક કથાની સચિત હસ્તપ્રત લીંબડીના શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ગ્રંથભંડારમાં આવેલી છે. જેમાં કાલક કથાના પાંચ ચિત્રો છે. તે પૈકીનું એક ચિત્ર મારા તરફથી ઇ. સ. ૧૯૪૯માં છપાવેલા 'કાલક કથા સંગ્રહ (સચિત્ર)' નામના ગ્રથંમાં ચિત્ર ૨૦ તરીકે તેના વર્ણન સાથે છપાવવામાં આવેલ છે. આ પ્રતનો યાદી ક્રમાંક ૫૭૭ છે. અને L 2ની સંજ્ઞાથી પ્રસ્તુત ગ્રંથમાં તેની રજૂઆત કરેલી છે. પ્રતના અંતે આ પ્રમાણે પુષ્પિકા છે :

इति श्री कालिकाचार्यकथा संक्षेप[तः]कृता । संवत् १५ आषाढादि ७७ वर्षे लिखितम् ॥ संवत् १५७७ वर्षे कार्तिक सुदी १५ शुक्रे ओसवाल ज्ञातीय शाह डुंगर भार्यादेल्हणदे पुत्र शाह वीजपाल शाह संघपतिना पंचमी उघाडनार्थं श्रीकल्पपुस्तिका लिखाप्य उपाध्याय श्री उदयराजेन प्रदत्ता बीडउदग्रामे ॥ श्री रस्तु ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ધર્મપ્રભસૂરિજીની રચેલી 'નયરમ્મિ ધરાવાસે' થી શરૂ થતી કાલક કથાની ચોથી સચિત્ર પ્રત અમદાવાદ ડહેલાના ઉપાશ્રયના ભંડારમાં છે. જે પ્રતનો પ્રસ્તુત કાલક કથા સંગ્રહના સંપાદનમાં L 1 તરીકે ઉપયોગ કરેલો છે. આ પ્રતમાં પાંચ પાનાં છે. અને તે સચિત્ર છે.

પ્રતના અંતે 'આ પ્રત અંચલગચ્છીય ભાવસાગર સૂરીણા ઉપદેશથી આ કથા સંવત ૧૫૬૬ માં આચાર્ય નયસુંદરના વાંચન માટે લખાવ્યાનો આ પ્રમાણે પુષ્પિકા પ્રસ્તુત 'કાલક કથા સંગ્રહ'ના ૯૫ મા પાનામાં છપાવેલી છે:

संवत् १५६६ वर्षे श्री श्री वंशे सा० गुणराज भार्या मांईपुत्र सा० पहिराज भा. रूपी पुत्र सा. सिहिदत्त सुश्रावकेण भार्यासुहागदे पुत्र सा. रत्नपाल सा. अमीपाल सा. जयवंत सा. श्रीवंत सा. पांचा पुत्री श्रा. अजाई भगिनी. श्री हर्षाई तथा सा. रत्नपाल भार्या जीवी पुत्र सा. अलवेसर सा. अमरदत्त तथा सा. अमीपाल भार्या दीवकी पुत्र सा. सहजपाल तथा सा. जसवंत भार्या जसमादे प्रमुख समस्त कुटुंब सहितेन स्वश्रेयोऽर्थं श्री अंचलगच्छेश श्री भावसागरसूरीणामुपदेशेन श्री कल्पपुस्तकं लिखितं साधुभिः प्रवाच्यमानं चिरं नंदतात् आ. नयनसुंदरवाच्यमानं चिरं जीयात् ॥

પૂજ્યશ્રી ધર્મપ્રભસૂરિજી અંચલગચ્છીય પરંપરામાં આઠમી પાટે થઈ ગયા છે. તેઓ ભિન્નમાલ નગરના શ્રીમાળી જ્ઞાતિના શેઠ લીંબા અને તેમનાં ધર્મપત્ની વિજલદેના ધર્મચંદ્ર નામે પુત્ર હતા. તેમનો જન્મ સંવત ૧૩૩૧ માં થયો હતો. તેઓશ્રીએ સંવત ૧૩૪૧ માં દશ વરસની બાલ્યવયમાં જાલોરમાં અંચલગચ્છીય શ્રી દેવેંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી હતી. સંવત ૧૩૫૯ માં તેઓશ્રીને આચાર્ય પદવી અર્પણ કરવામાં આવી હતી. ગુજરાતની રાજધાની પાટણ શહેરમાં સંવત ૧૩૭૧ માં તેઓને ગચ્છનાયકની પદવી આપવામાં આવી હતી. ૬૩ વરસની વયે આસોટી ગામમાં તેઓ દેવલોક પામ્યા હતા. ('અંચલગચ્છીય મોટી પટ્ટાવલી' પૃ. ૨૧૮)

આચાર્યશ્રી ધર્મપ્રભસૂરિજી વિરચિત 'કાલિકાચાર્ય કથા'ની બે સુવર્ણાક્ષરી સચિત્ર હસ્તપ્રતો તથા બે બીજી કાળી શાહીથી લખાયેલી હસ્તપ્રતોનો આપણે ઉલ્લેખ કરી ગયા. તે ઉપરાંત લંડનની ઇંડિયા ઑફિસની લાયબ્રેરીમાં પણ ઉપરોક્ત કાલક કથાની એક હસ્તપ્રત અને બોલેનમાં પણ બીજી હસ્તપ્રત હોવાનો ઉલ્લેખ જર્મન વિદ્વાન પ્રા. લોયમેને પોતે સંપાદન કરેલ કાલક કથા કરેલો છે.

આ ઉપરાંત ઈ. સ. ૧૯૩૩ માં પ્રા. ડબલ્યુ. ગોર્મન ગાઉને આ કથા અંગ્રેજીમાં તેમના The story of Kalaka નામના Freer Garrarg Of Art (Washington) તરફથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથના પાનાં ૯૩ થી ૯૭ ઉપર પ્રગટ કરેલ છે. જેના સંપાદનમાં તેમને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ પ્રતોનો ઉપયોગ કર્યાની નોંધ ૯૩ મા પાના ઉપર કરેલી છે. તેમાં નીચે મુજબની સચિત્ર પ્રતોની યાદી આપેલી છે.

[જર્મન ઓરીએન્ટલ સોસાયટી વોલ્યુમ ૪૭. પૃ. ૫૦૫૯]

૧. અમદાવાદના લુહારની પોળના ઉપાશ્રયના ભંડારની વિ. સં. ૧૫૧૩ માં લખાયેલી 'કલ્પસૂત્ર' અને 'કાલક કથા'ની હસ્તપ્રતના પાનાં ૯૩ થી ૯૮ માં આ 'કાલક કથા' ની (સચિત્ર) પ્રત નબંર ૩૮, પો. ૩, પ્રત ૩.

૨. ખંભાતમાં આવેલા વિજયનેમસૂરીશ્વરજીના ભંડારની ૧૮૧, પોથી ૨ ની કલ્પસૂત્ર અને કાલક કથા પૈકીની તારીખ વગરની કાલક કથાની સચિત્ર હસ્તપ્રત.

૩. Staats bibriotate. (Berlin) ના સંગ્રહની પાંચ પાનાંવાળી કાલક કથાની સચિત્ર પ્રત.

૪. Feeramanek Gallary of New York ના સંગ્રહની તારીખ વગરની સોળમા સૈકાની 'કલ્પસૂત્ર' અને 'કાલક કથા'ની સચિત્ર હસ્તપ્રત પૈકી પાના નં. ૧૫૪ થી ૧૬૦ ની સાત પાનાની કાલક કથાની સચિત્ર હસ્તપ્રત.

૫. પાટણના વાડી પાર્શ્વનાથના ભંડારની નં. ૧૮૧૯, સંવત ૧૫૦૨ માં લખાયેલી પાંચ પાનાંની કાલક કથાની સચિત્ર હસ્તપ્રત.

૬. ઇંડિયા ઑફિસ (લંડન)ની લાયબ્રેરીની હસ્તપ્રત. (જેનો ઉલ્લેખ અગાઉ કરી ગયા છીએ.)

આ સિવાય મારા તરફથી ઈ. સ. ૧૯૪૯ માં પ્રસિદ્ધ કરવામાં આવેલી જુદી જુદી ૩૬ કાલક કથાઓ તથા ગુજરાતની જૈનાશ્રિત ચિત્રકલાના પ્રતિનિધિરૂપ કાલક કથાને લગતાં ૧૯ રંગીન ચિત્રો અને ૬૯ એકરંગી ચિત્રો સાથે (મૂલ્ય સાઠ રૂપિયા) સુંદર ગ્રંથમાં, નવમી કથા તરીકે પાનાં ૯૩ થી ૯૫ ઉપર સંપૂર્ણ કથા તેનાં ચિત્રો સાથે પ્રાકૃત ભાષામાં શ્લોક ૧ થી ૫૭ અને કથાના ગુજરાતી સાર સાથે છપાવેલી છે. તેમાં પણ અમદાવાદના ડહેલાના ઉપાશ્રયના ભંડારની બે હસ્તપ્રતોનો અને લીંબડીના શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ભંડારોની બે હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરેલો છે.

ભારતના જૈન ગ્રંથભંડારોના જુદાં જુદાં શહેરોના સંગ્રહમાં આવેલી સોનાની શાહીથી લખાયેલી તથા કાળી શાહીથી લખાયેલી ઉપરોક્ત હસ્તપ્રતો તથા પરદેશમાં લંડન, બર્લિન અને ન્યૂયોર્ક (અમેરિકા)માં સંગ્રહાયેલી આ પ્રાચીન પ્રતોના ઉલ્લેખ ઉપરથી આ કાલકાચાર્ય કથાનો પ્રચાર ખૂબ જ હોવો જોઈએ, તેમ માનવામાં કોઈ પણ જાતનો વાંધો નથી. વળી, આ કથા દરેક ગચ્છવાળાઓને માન્ય હોવાનો પણ સબળ પુરાવો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) પ્રસ્તુત પુસ્તકમાં મહામંત્ર વિશારદ અંચલગચ્છાધિપતિ પ્રાતઃસ્મરણીય શ્રી મેરુતુંગસૂરિએ સ્વહસ્તે લખેલ 'શ્રી સૂરિ મુખ્યમંત્ર કલ્પ (સચિત્ર)' મારા જ લખેલા લેખમાં જે મહાપુરુષનો વિસ્તારથી પરિચય આપેલો છે, તે અંચલગચ્છેશ શ્રી મેરુતુંગસૂરિના જ ઉપદેશથી સંવત ૧૪૬૩ માં લખાયેલ કલ્પસૂત્ર અને કાલક કથાના અંતિમ પાનાનું ચિત્ર નં. ૧૮ તરીકે એક ચિત્ર અને કાલક કથાનું ચિત્ર નં. ૧૯ તરીકે એક ચિત્ર મારા પ્રસ્તુત 'કાલક કથા સંગ્રહ' નામના ગ્રંથમાં પ્રસિદ્ધ કરવામાં આવેલું છે. આ ચિત્ર નં. ૧૮ માં આપેલી નાની પુષ્પિકા સાબિત કરે છે કે, ગુજરાતની જૈનાશ્રિત કલાના સંવર્ધન, સંરક્ષણ અને વિકાસમાં અંચલગચ્છેશ મેરુતુંગસૂરિજીનો પણ વિશેષ ફાળો હતો. પુષ્પિકા આ પ્રમાણે છેઃ

इतिकालिकाचार्यकथानक समाप्तं ॥ छ ॥ श्री ॥ द०॥ श्री विधिपक्षमंडन दुरितखंडन प्रसरदंतरारिरिनिकरनैक शोडीराणां कीत्तिकंदकंदरित्त भुवनोदराणा पूज्याराध्य प्रभु श्री महेन्द्रप्रभसूरि पट्ट प्रतिष्ठित श्रीगच्छेश्वर श्रीमेरुतुंगसूरीणामुपदेशेन सर्वस्वज्ञात संसारनाटकेन श्रीसलखण पुरवास्तव्य श्रीमालज्ञातीय श्रे० अमरसिंहसुत श्रे० सुहगाकेन संवत १६६३ वर्षे श्रीकल्पपुस्तका लिखापिता ॥ पं. महीनंदन गणीनां वांचनार्थ मुपकरिता ॥ छ ॥ तेनाघेलोचनंदतं, तिमिरे दीपकोर्पितः । कांतारेदशितोमार्गः, सिद्धांतोर्थेन लिखितः ॥ छ ॥ सुश्रावक मुख्येन मं. देवराजेन लिखिताः ॥ छ ॥

અર્થાત્ શ્રી કાલિકાચાર્ય કથાનકની આ પ્રત વિધિપક્ષ (અંચલગચ્છ)ના મુગટ સમાન, પૂજ્ય શ્રી મહેંદ્રપ્રભસૂરિજીના પટ્ટધર ગચ્છાધિપતિ શ્રી મેરુતુંગસૂરિના ઉપદેશથી સંસારરૂપી નાટકની અસારતા જાણી સલખણપુરના રહેવાસી શ્રીમાલ જ્ઞાતિના શ્રેષ્ઠી અમરસિંહના પુત્ર સુહગાકે સંવત ૧૪૬૩માં આ 'કલ્પસૂત્ર (સચિત્ર)' લખાવ્યું અને પંન્યાસ શ્રી મહીનંદનગણિને વાંચવા માટે અર્પણ કર્યું.

(૪) ઉપરોક્ત ગચ્છેશ્વર શ્રી મેરુતુંગસૂરીશ્વરજીના પ્રશિષ્ય અને અંચલગચ્છની ૧૩ મી પાટે થઈ ગયેલા શ્રી જયકેસરીસૂરીશ્વરજીનો જન્મ પંચાલ દેશમાં આવેલા થાન ગામમાં શ્રીમાલ વંશીય શ્રેષ્ઠી દેવસિંહ અને તેમનાં પત્ની લાખણદેની કૂખે સંવત ૧૪૭૧ માં થયો હતો. એમનું મૂળ નામ ધનરાજ હતું. તેમના જન્મ વખતે તેમની માતાએ સ્વપ્નમાં કેસરી સિંહ જોયો હતો. તેઓશ્રીને આબુ શહેરમાં સંવત ૧૪૭૫ માં માત્ર પાંચ વર્ષની વયે દીક્ષા આપવામાં આવી હતી. સંવત ૧૪૯૪ માં ચંપકપુરમાં તેમને આચાર્ય પદવી આપવામાં આવી હતી અને સંવત ૧૫૦૧ માં ચંપકપુરમાં ગચ્છાધિપતિની પદવી આપવામાં આવી હતી. સંવત ૧૫૪૧ માં ખંભાતમાં તેમનો સ્વર્ગવાસ થયો હતો.

આચાર્ય શ્રી જયકેસરીસૂરિજીના ઉપદેશથી સંવત ૧૫૪૧ માં ભૂજના રહેવાસી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાંપશી શાહે કલ્પસૂત્રની ૮૪ હસ્તપ્રતો લખાવી, ૮૪ ગચ્છના ૮૪ ઉપાશ્રયોમાં વહેંચીને વંચાવી. (જુઓ. 'અંચલગચ્છ દિગ્દર્શન' પાનું ૨૬૯) તેઓશ્રીના ઉપદેશથી સંવત ૧૫૧૦ ના ફાગણ સુદી પંચમીને રવિવારે, જ્યોતિષી અલ્વાએ અમદાવાદમાં લખેલી કલ્પ-સૂત્ર અને કાલક કથાની સુવર્ણાક્ષરી હસ્તપ્રત પૈકી માત્ર કાલક કથાની પ્રત ૧૩૨ થી ૧૪૨ સુધીની પ્રતનાં ૧૧ પાનાં પૈકી ૧૩૩ અને ૧૩૫ પાનાં વગરની માત્ર ૯ પાનાની પ્રત કે, જેમાં પાંચ ચિત્રો અસ્તિત્વમાં હતા અને તેની અંદર નીચે પ્રમાણે ઐતિહાસિક પ્રશસ્તિ હતી, તે અહીં પ્રસ્તુત કરું છું.

| | | |
|---|---|---|
| ચિત્ર ૧. | પત્ર ૧૩૨ | ગુણાકરસૂરિનો કાલકકુમારને ઉપદેશ. |
| ચિત્ર ૨. | પત્ર ૧૩૪ | કાલિકાચાર્ય અને સાહી રાજા. |
| ચિત્ર ૩. | પત્ર ૧૩૬ | ગર્દભિવિદ્યાનો ઉચ્છેદ કરતા આર્ય કાલક. |
| ચિત્ર ૪. | પત્ર ૧૩૭ | આર્ય કાલક અને શાલિવાહન રાજા. |
| ચિત્ર ૫. | પત્ર ૧૩૯ | આર્ય કાલક અને બ્રાહ્મણરૂપે ઇંદ્ર અને આર્ય કાલક અને મૂળ રૂપે ઇંદ્ર. |

ઉપરોક્ત હસ્તપ્રત મેં તા. ૧૨–૩–૧૯૪૬ના મારા પ્રવાસ દરમ્યાન બનારસમાં ગંગા નદીના કિનારા ઉપર આવેલા બંગલામાં શ્રીયુત રામકૃષ્ણદાસજીના સંગ્રહમાં જોઈ હતી. તેના અંત ભાગમાં આવેલી ઐતિહાસિક પ્રશસ્તિ જે મેં ઉતારી લીધી હતી, તે નીચે પ્રમાણે છે :

श्री औ ओसवंशे बप्पणागोत्रे मीढडीया शाखायां सा. सलषण भार्या सलषणेदव्याः पुत्रौ जगदद्भूत चरित्रौ महातीर्थोद्धारयात्रा सफली कृतवितौसुरसुरभि क्षीरवलक्षचितौ सा. तेजा सा. नरसिंहौ सुश्रावका वास्तां । तत्र सा. तेजा सुश्रावकस्य भार्या तेजलदेवी कुक्षिसरसी राजहंसाः प्राप्तः पुण्य-प्रशंसाः पंचपुत्राः सदाचार पवित्राः श्रीगुर्जरेश्वर पर्षलब्ध जगदद्भुत प्रतिष्ठाः । सकल सुश्रावकाचार समाचरण विशिष्टाः श्री अहमद पातसाहदत सन्मानाः परोपकार सावधानाः । सा. डीडा सा. षीमा सा. भूरा सा. काला सा. गांगा नामानों व्यजयतः । सा. डीडासुश्रावकस्य भार्या सुहवदे-कुक्षि जन्मा व्यवहारि मंडली मंडन सा. नगराज सुश्रावकोपरमात्राअमरादेव्याः भार्या नलादे नारंग देवी पुत्र सा. खेतसी शाह पंचायणः पुत्री समाई देल्हाई प्रभृति कुटुंब परिवार सहितो विजयते । सा. काला. सुश्रावकस्य भार्या लाषणदे कुक्षिशुक्तिमुक्ता फलोपमः । सौभाग्य माग्य सम संगमः श्री कुत-बुदीन नरेंद्र सन्मान लब्ध महोत्साहः श्री संघवूर्दरणी समुद्धरणादिवराहः सा. पासा. सुश्रावकः प्रेयसी चमकू । पुत्र सा. उदयसी सा. विजयसिंह सा. रूपचंद शाह अमरसिंह । पुत्री हीराई प्रमुख कुंटुंब सहितो विजयते । तथा सा. कालकस्य लघुपत्नी कर्पूरदेवी कुक्षि श्रृंगार सारबुद्धिबल सफल-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्फारः सा. शिवदास सुश्रावकपत्नी शिवादे । पुत्र सा. सिंहदत सा. समरथ । पितृव्यपत्नी भरमादे प्रमुख कुंटुंब सहितो विजयते । सा. पासा. धर्मचारिण्या निर्म्मलशील धारिण्या ।

श्री देवगुरु भक्ति रसिकचितया सप्तक्षेत्रव्यय सफली क्रियमाणा वित्तया साहूआणी चमकू-सुश्राविकया संवत् १५१० वर्षे फाल्गुन सुदि ५ रवौ श्रीकल्पसूत्र पुस्तकं सौवर्णवर्ण विण्यं लेखयित्वा। श्री अंचल गच्छनायक श्री जयकेसरिसूरीणां मुपकरितं प्रतिवर्ष श्री संघ साक्षिकं महामहोत्सव पूर्व सुसाधु जनवाच्यमानं चिरं विजयतां ॥ छ ॥ श्री श्रमणसंघस्य शुभ भवतु ॥ श्री ॥ श्री ॥ श्री ॥ यावल्लवणसमुद्रो, यावन्नक्षत्रोमंडितोमेरुः । यावच्चंद्रादित्यो, तावदिदं पुस्तकं जयतु ॥ श्रीः ॥ जयो. अलवाकेन ।

ઉપરોક્ત પ્રશસ્તિ મુજબ ઓસવાળ જ્ઞાતિના બાફણા ગોત્રની મીઠડીયા શાખાના શ્રેષ્ઠી સલખણ ભાર્યા સલખણદેવીને જેમનું ચારિત્ર્ય જગતમાં અદ્‌ભુત ગણાય છે, અને જેમણે મહા તીર્થોની યાત્રાઓ અને તીર્થોદ્ધારનાં કાર્યોમાં પોતાની લક્ષ્મીનો વ્યય કરીને દેવાંગનાઓને પણ ચકિત કરી દીધી છે, તેવા ઉત્તમ ગુણસંપન્ન તેજા અને નરસિંહ નામના બે પુત્રો હતા.

તેઓ પૈકી તેજા શાહને તેજલદેવી નામની પત્નીની કુક્ષિથી ઉત્પન્ન થયેલા સદાચારી અને પુણ્યશાળી ડીડા શાહ, ખીમા શાહ, ભૂરા શાહ, હાલા શાહ, અને ગાંગા શાહ નામના પાંચ પુત્રો હતા. આ પાંચ પુત્રો ગુજરાતના અહમદશાહ બાદશાહની સભામાં સન્માનીય હતા. તેઓ પૈકી ડીડા શાહને સુહવદે અને અમરાદે નામની બે પત્નીઓ હતી. તે પૈકી સુહવદેની કુક્ષિથી વ્યાપારીઓમાં મુખ્ય નાગરાજ નામનો ઉત્તમ પુત્ર ઉત્પન્ન થયો હતો. તે નાગરાજના કાલા શાહ નામના પુત્રની લાખણદે નામની પત્નીથી પાસા શાહ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો. આ પાસા શાહને ગુજરાતના સુલતાન કુત્બુદ્દીન શાહે ખૂબ સન્માન આપેલું હતું. વળી અમદાવાદના જૈન સંઘમાં પણ તેઓ મુખ્ય સ્થાન ધરાવતા હતા. તેમની પત્ની ચમકૂ નામની શ્રાવિકા હતી. નિર્મળ શીલરત્નને ધારણ કરવાવાળી અને દેવગુરુની ભક્તિમાં લીન ચિત્તવાળી આ ચમકૂ શ્રાવિકા સાતે ક્ષેત્રમાં ધન વાપરતી હતી. આવી ઉત્તમ શ્રાવિકા ચમકૂએ અંચલગચ્છાધિપતિ શ્રી જયકેસરીસૂરિના ઉપદેશથી સંવત ૧૫૧૦ ના ફાગણ સુદી પાંચમ ને રવિવારના આ 'કલ્પસૂત્ર' અને 'કાલક કથા'ની સુંદર ચિત્રોવાળી પ્રત સોનાની શાહીથી લખાવી અને તે દર વર્ષે વાચન કરવા માટે સકળ સંઘની સાક્ષીએ મોટા મહોત્સવપૂર્વક ઉત્તમ સાધુઓને વાંચવા માટે લખાવી. તે પ્રત જ્યાં સુધી સમુદ્ર, મેરુ પર્વત, ચંદ્ર અને સૂર્ય વિદ્યમાન રહે, ત્યાં સુધી જયવંત વર્તો અને શ્રમણ સંઘનું કલ્યાણ કરો. આ પ્રત જોશી અલવાકે લખી હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રશસ્તિ ઉપરથી અંચલગચ્છીય શ્રેષ્ઠી ડીઠા શાહ વગેરેનું અહમદશાહ બાદશાહના વખતમાં અને પાસા શાહ વગેરેનું કુત્બુદ્દીન બાદશાહ કે જે બંને બાદશાહો ગુજરાતના પાટનગર અમદાવાદના મુસલમાન સુલતાનો હતા, તે સમયમાં બંને બાદશાહોના દરબારમાં સન્માનીય વ્યક્તિઓ હતી. તેમના પૂર્વજો મૂળ પાટણના વતની હોવા છતાં આ ઉત્તમ પુરુષો અમદાવાદમાં જ રહેતા હોવા જોઇએ અને તેથી જ આ પ્રતના લેખક જોષી અલવાકે લખ્યા સ્થળનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી જણાતો.

(૫) અંચલગચ્છીય ભટ્ટારક શ્રી ધર્મમૂર્તિસૂરિના સમયમાં ઉપરોક્ત શ્રી જયકેસરીસૂરિજીના શિષ્ય વાચનાચાર્ય શ્રી મલ્લિક્ષેણ ગણિના પ્રશિષ્ય શ્રી ક્ષિમા સાધુ ગણિના શિષ્ય શ્રી હંસ સાધુ નામના મુનિએ સંવત ૧૬૩૩ માં શ્રી અલવરગઢમાં અકબર બાદશાહના રાજ્યમાં 'ક્ષેત્ર સમાસ'ની સુંદર સચિત્ર પ્રત લખી હતી, જેમાં સુંદર ચિત્રો છે. તે અમદાવાદના એક ઉદ્યોગપતિના સંગ્રહમાં છે. તે પ્રતના અંત ભાગની પ્રશસ્તિ ઐતિહાસિક દષ્ટિએ મહત્વની હોવાથી અહીં પ્રસિદ્ધ કરવા યોગ્ય માનું છું.

संवत १६३३ वर्षे द्वितीय ज्येष्ट बदि ५ गुरुवासरे मेवातदेशे । अलवरगढमहादुर्गे । पातशाह अकबर जलालुदीनिमुगलराज्ये । श्री अंचलगच्छेशभट्टारक श्री धम्ममूर्तिसूरिविजयराज्ये ॥ श्री पूज्यश्री-जयकेसरिसूरिशिष्य वाचनाचार्य श्री मल्लिक्षेणगणिशिष्य । वाचनाचार्य वा. श्री मावमंडणगति तत् । शिष्य वा. श्री क्षिमासाधुगणि शिष्य पं. महिमसाधुसहितेन । लिषतं मुनिहंससाधुना स्वयंवाचनात्र ॥ श्रीरस्तु ॥ कल्याणं भवतु ॥ श्री शांतिनाथ प्रसादात् ॥ श्री ॥

અર્થાત્—સંવત ૧૬૩૩ ના બીજા જેઠ વદ ૫ ને ગુરુવારના મેવાત દેશમાં આવેલા અલવરગઢ નામના મોટા કિલ્લાવાળા (અલવર) શહેરમાં જે વખતે મોગલ વંશના જલાલુદ્દીન અકબર બાદશાહનું રાજ્ય હતું. તે સમયે શ્રી અંચલગચ્છાધિપતિ શ્રી ધર્મમૂર્તિસૂરિના શાસનમાં શ્રી પૂજ્યશ્રી જયકેસરીસૂરિજીના શિષ્ય વાચનાચાર્ય શ્રી મલ્લિક્ષેણ ગણિના શિષ્ય વાચનાચાર્ય વાચક શ્રી ભાવમંડન ગણિના શિષ્ય વાચક શ્રી ક્ષિમા સાધુ ગણિના શિષ્ય પંન્યાસ શ્રી મહિમ સાધુ સહિત, હંસ સાધુ નામના મુનિઓ આ સચિત્ર હસ્ત પ્રતપોતાને વાંચવા માટે લખી. શ્રી શાંતિનાથ પ્રભુની કૃપાથી કલ્યાણ થાઓ.

આ પ્રતમાં સ્પષ્ટ શબ્દોમાં પ્રથમ વખત જ સંવત ૧૬૩૩ માં અકબર બાદશાહ કે જે મોગલવંશનો હતો, તેનો અને અંચલગચ્છેશ શ્રી ધર્મમૂર્તિસૂરિની વિદ્યમાનતામાં શ્રીજયકેસરીસૂરિજીના શિષ્ય–પ્રશિષ્યોએ આ સુંદર પ્રત સુંદર અક્ષરોથી લખેલી હોવાનું લખ્યું છે.

ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં મુગલ કળાનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે અને મુગલ કળાને પૂરેપૂરું ભારતીય સ્વરૂપ સમ્રાટ અકબરના સમયમાં પ્રાપ્ત થયું હતું અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગાનુયોગ અગાઉ આપણે આ જ લેખમાં ગુજરાતના બે સુલતાનો અહમદશાહ અને કુત્બુદ્દીન શાહના સમયમાં અને તે પહેલાં ઇસ્વી સનના પંદરમા સૈકાથી કલ્પસૂત્રો અને કાલક કથાઓની સુંદર મૂલ્યવાન સચિત્ર પ્રતો સોનાની શાહીથી લખાવવી અને ચીતરાવવી શરૂ થઈ. ત્યારથી જ અંચલગચ્છાચાર્યોએ આ જૈનાશ્રિત કળાને ઉત્તેજન આપવા–અપાવવાનું શરૂ કર્યાની વિગત આ જ લેખમાં આપી ગયા છીએ. તે ઉપરાંત મુગલ કળાની શરૂઆતથી બાદશાહ અકબરના રાજત્વ કાળથી પણ અંચલગચ્છીય શ્રમણોએ કલ્પસૂત્ર અને કાલક કથાની હસ્તપ્રતો ઉપરાંત 'સંગ્રહણી સૂત્રો' અને 'ક્ષેત્રસમાસ' જેવાં પ્રકરણ સૂત્રોની હસ્તપ્રતોમાં સુંદર ચિત્રાત્મક વિષયોને સમાવી લેવા માટે શ્રી અંચલગચ્છીય શ્રેષ્ઠીઓને પ્રેરણા આપીને મુગલ સમયમાં જૈનાશ્રિત કળાને આશ્રય આપવાની પ્રવૃત્તિ ચાલુ રાખી છે.

ઉપરોક્ત હસ્તપ્રતમાં શરૂઆતમાં શ્રી ક્ષિમા સાધુ ગણિનો નામોલ્લેખ કર્યો છે. આ પ્રતના પહેલા પાનામાં ભગવાન મહાવીરનું ચિત્ર છે અને તે ઉપરાંત દ્વીપો, સમુદ્રો, નદીઓ, જંબુ વૃક્ષ, ચૈત્યો વગેરેના બીજા સુંદર કલામય ૨૨ ચિત્રો આ પ્રતમાં આપવામાં આવેલાં છે. સંયોગોવશાત્ અહીં ચિત્રો આપી શકાયાં નથી.

અંચલગચ્છાધિપતિ શ્રી ધર્મમૂર્તિસૂરિજીનો જન્મ ખંભાત શહેરમાં શ્રેષ્ઠી હંસરાજનાં ભાર્યા હાંસલદેની કુક્ષિથી સંવત ૧૫૮૫ ના પોષ સુદી ૮ ના થયો હતો. તેઓશ્રીનું સંસારીપણાનું નામ 'ધર્મદાસ' હતું. તેઓશ્રીને અંચલગચ્છીય પાટ પરંપરામાં થઈ ગયેલા ગુણનિધાનસૂરિએ તેમના માતપિતાની સંમતિથી ધામધૂમપૂર્વક સંવત ૧૫૯૯ માં ખંભાતમાં દીક્ષા આપી હતી. દીક્ષા આપતી વખતે તેઓશ્રીનું નામ 'ધર્મદાસ' જ રાખ્યું હતું, પરંતુ વડી દીક્ષા વખતે જ તેઓશ્રીનું નામ 'ધર્મમૂર્તિ' પાડવામાં આવ્યું હતું. સંવત ૧૬૦૨ માં અમદાવાદમાં તેઓશ્રીને આચાર્યપદ અને ગચ્છનાયકની પદવી આપવામાં આવી હતી. સંવત ૧૬૭૧ માં પાટણ શહેરમાં ૮૬ વર્ષની ઉંમરે તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો હતો. ('અંચલગચ્છ દિગ્દર્શન'માં પાના ૩૪૮ થી ૩૮૮ માં ખૂબ વિસ્તારથી તેઓશ્રીનાં ધર્મકૃત્યોની વિગત આપવામાં આવેલી છે.)

(૬) હાલમાં ખેડાની પાસે આવેલા માતર ગામમાં વિક્રમ સંવત ૧૬૪૦ ના અષાડ સુદી ૧૫ ને રવિવારે ઉપરોક્ત અંચલગચ્છીય પૂજ્ય શ્રી ધર્મમૂર્તિસૂરિજીના સમયમાં 'શ્રી સંગ્રહણી સૂત્ર'ની સુંદર ચિત્રોથી વિભૂષિત કરેલી હસ્તપ્રત કે જેના ૩૩ મા પાના ઉપર આ પ્રત ચીતરનાર ચિત્રકાર ગોવિંદનું નામ લખેલું છે. આ પ્રત હાલમાં અમદાવાદમાં આવેલા શેઠ લાલભાઈ દલપતભાઈ પ્રાચ્ય વિદ્યામંદિરમાં આગમ દિવાકર સ્વ. પૂજ્ય શ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાં છે. આ પ્રતનાં પાનાં ૩૯ છે. અને તેનો યાદી નંબર ૨૬૮૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આ પ્રતમાં કેટલાંક ચિત્રો શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ તરફથી ઈ. સ. ૧૯૬૮ માં પ્રસિદ્ધ થયેલા. 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણ મહોત્સવ ગ્રંથ' માં રંગીન પ્રત નંબર V અને VI તથા એક રંગનાં ચિત્ર નં ૧૬ થી ૧૯ માં સુંદર રીતે છપાવેલાં છે. આ પ્રતમાં આપવામાં આવેલાં મુખ્ય મુખ્ય ચિત્રોની યાદી પણ, અંગ્રેજી ભાષામાં પાનાં ૩૯૫ થી ૪૦૨ ઉપર આપેલી છે. આ પ્રતના અંત ભાગમાં આપેલી પુષ્પિકા આ પ્રમાણે છે :

इति श्री लघु संग्रहणीसूत्र संपूर्ण ॥ संवत् १६४० वर्षे ॥ आसाढ सुदि ण५ तीथौ । रविवासरे । श्री मातरपुरग्रामे लिखितं ॥ श्री ॥ श्री अंचलगच्छे ॥ श्री श्री श्री पूज्य प्रभुभट्टारक श्री श्री श्री श्री श्री श्री श्री धर्म्ममूर्तिसूरिविजयराज्ये ॥ श्रीः ॥ छ ॥ श्री ॥ : ॥ श्री ॥ कल्याणमस्तुः ॥ छ ॥ श्रीः ॥ छ ॥ श्रीरस्तुः ॥

અર્થાત્ – શ્રી લઘુસંગ્રહણી સૂત્રની આ હસ્તપ્રત સંવત ૧૬૪૦ ના અષાઢ સુદી ૧૫ ને રવિવારે શ્રી માતર ગામમાં લખાવી છે. (તે વખતે) શ્રી ધર્મ્મમૂર્તિસૂરિ વિદ્યમાન હતા, કલ્યાણ થાઓ.

પાના ૩૩ માં પંચ પરમેષ્ઠીની નીચેની સિદ્ધ શિલાની આકૃતિમાં चीतरा गोविंद સ્પષ્ટ લખેલું છે. તેના ઉપરથી આ હસ્તપ્રતના ચિત્રો ચિત્રકાર ગોવિંદે ચિતરેલાં છે, તેમ સાબિત થાય છે.

(૭) 'સંગ્રહણી સૂત્ર'ની બીજી હસ્તપ્રત, કે જે અંચલગચ્છીય પરંપરામાં ૧૮ મી પાટે બિરાજમાન હતા, તે મહાપુરુષ પુણ્ય નામધેય ભટ્ટારક શ્રી કલ્યાણસાગરજીના સમયમાં જ તેમના અંતેવાસી પૂજ્ય શ્રી વિનયસમુદ્ર પંન્યાસજીએ શ્રી રત્નનિધાન મુનિને વાંચવા માટે સંવત ૧૬૭૮ માં આસો સુદી ૧૧ ને ગુરુવારે કચ્છ દેશના મુખ્ય શહેર ભુજમાં લખેલી છે.

संवत् १६७८ श्री अश्विन्यशितोपासकप्रतिमाभितायां तिथौ दित्यगुरौ श्री सकलदेशश्रृंगारहार कच्छदेशे श्रीमद् भूजनगरे श्रीमद् चलगच्छमुकटोपमानां श्री भ. श्री कल्याणसागरसूरीश्वराणा मंतेवासि पं. श्रीमताविनयसमुद्रणालेखि ॥ श्रीरत्ननिधान पठनार्थं । मेषा पुस्तिका चिरंजीयाच्य ॥

અર્થાત્ સંવત્ ૧૬૭૮ ના આસો સુદી ૧૧ ને ગુરુવારના દિવસે સકળ દેશમાં શિરોમણિ કચ્છ દેશમાં આવેલા ભુજ શહેરમાં અંચલગચ્છમાં મુગટ સમાન ભટ્ટારક શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીના અંતેવાસી શિષ્ય પંન્યાસ શ્રી વિનયસમુદ્ર(સાગર)જીએ આ હસ્તપ્રત શ્રી રત્નનિધાનને વાંચવા માટે લખી.

અગાઉ જણાવ્યા પ્રમાણે જામનગરના અંચલગચ્છના ભંડારની કલાત્મક સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની હસ્તપ્રતના અંત ભાગમાં કાળી શાહીથી લખેલી પુષ્પિકામાં પણ પૂજ્ય શ્રી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્યાણસાગરજીનો ઉલ્લેખ શ્રી કલ્યાણસમુદ્ર તરીકે કરેલો છે. તે જ પ્રમાણે તેઓના અંતેવાસી પૂજ્યશ્રી વિનયસાગરજીએ પોતે જ લખેલી સારાભાઈ નવાબના સંગ્રહની સુંદર ચિત્રોવાળી હસ્તપ્રતમાં વિનય સમુદ્ર તરીકેનો ઉલ્લેખ કરેલો છે. મારા માનવા પ્રમાણે તો એ કાળી શાહીથી લખેલી પુષ્પિકા અને આ સંગ્રહણી સૂત્રના લેખક શ્રી વિનયસાગરજી પોતે જ હોવા જોઈએ. આ સંગ્રહણી સૂત્રમાંના આઠ ચિત્રો આ પ્રમાણે છે:

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચિત્ર | ૧ | પાનું | ૪ | દશ ભવનપતિ દેવો |
| ,, | ૨ | ,, | ૭ | દેવોના સાત સૈન્યો |
| ,, | ૩ | ,, | ૯ | મેરુ પર્વત |
| ,, | ૪ | ,, | ૧૯ | છ લેશ્યાનાં સ્વરૂપો |
| ,, | ૫ | ,, | ૨૧ | લોક પુરુષ |
| ,, | ૬ | ,, | ૨૩ | સાત નારકીનાં સ્વરૂપો |
| ,, | ૭ | ,, | ૨૮ | ચક્રવર્તિનાં ચૌદ રત્નો |
| ,, | ૮ | ,, | ૨૯ | વાસુદેવનાં સાત રત્નો |

આ ચિત્રો મુગલ બાદશાહ જહાંગીરના રાજ્યકાળમાં ચીતરાયેલાં છે. આ સંગ્રહણી સૂત્રના પ્રતના લેખક વિનયસમુદ્ર (વિનયસાગરજી) ખૂબ ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. તેઓશ્રી યુગપુરુષ શ્રી કલ્યાણસાગરજીના અંતેવાસી શિષ્ય હતા. તેઓ પોતે પણ પોતાને શ્રી કલ્યાણસાગરજીના અંતેવાસી તરીકે પુષ્પિકામાં પણ ઓળખાવે છે.

આ પ્રમાણે અંચલગચ્છાધિપતિ શ્રી મેરુતુંગસૂરીશ્વરજી, શ્રી ધર્મપ્રભસૂરીશ્વરજી, શ્રી ધર્મમૂર્તિસૂરીશ્વરજી, શ્રી કલ્યાણસાગરજીના સમયમાં લખાયેલી કલ્પસૂત્રની સુવર્ણાક્ષરી હસ્તપ્રત અને સુવર્ણાક્ષરી સાદી અને શ્રી ધર્મપ્રભસૂરિજીની બનાવેલી કાલક કથાની દેશ વિદેશમાં આવેલી સચિત્ર હસ્તપ્રતોનો કાંઈક પરિચય આપવાનો મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. અંતમાં પૂજ્ય શ્રી કલ્યાણસાગરસૂરીશ્વજીના ઉપદેશથી થયેલાં સુકૃત્યોનો પરિચય આપવો હું યોગ્ય માનું છું.

અંચલગચ્છના મહાપ્રભાવિક ગચ્છાધિપતિ પૂજ્યશ્રી કલ્યાણસાગરસૂરિજીનો જન્મ વઢિયાર દેશમાં લોલાડા ગામમાં શ્રીમાળી જ્ઞાતીય કોઠારી નાનિંગ શ્રેષ્ઠીનાં પત્ની નાગિલદેની કુક્ષિથી વિક્રમ સંવત ૧૬૩૩ ના વૈશાખ સુદી ૬ ના થયો હતો. તેઓ જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે, તેમની માતાએ સ્વપ્નમાં ઊગતો સૂર્ય જોયો હતો. તેઓશ્રીનું નામ સંસારીપણામાં કોડનકુમાર પાડવામાં આવ્યું હતુ. તેઓશ્રીની દીક્ષા નવ વર્ષની બાલ્યવયમાં ધોળકામાં ગચ્છાધિપતિ શ્રી ધર્મમૂર્તિસૂજીરિના વરદ્ હસ્તે સંવત ૧૬૪૨ ના વૈશાખ સુદી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩ ના ખૂબ જ ધામધૂમપૂર્વક થઈ હતી. તે વખતે તેમનું નામ શુભસાગર પાડવામાં આવ્યું હતું. સંવત ૧૬૪૪ ના મહા સુદી ૫ ના તેઓશ્રીને વડી દીક્ષા પાલીતાણામાં આપવામાં આવી હતી અને ત્યારે તેમનું નામ 'મુનિ કલ્યાણસાગર' રાખવામાં આવ્યું હતુ. તેઓશ્રીને આચાર્ય પદવી માત્ર સોળ જ વરસની વયે અમદાવાદમાં સંવત ૧૬૪૯ ના વૈશાખ સુદી ૩ ના આપવામાં આવી હતી.

તેઓશ્રીના ઉપદેશથી જામનગરના રહેવાસી મહાદાનેશ્વરી શ્રેષ્ઠી રાજસી શાહે કરેલાં અનેક સુકૃત્યો પૈકીનાં કેટલાંક સુકૃત્યોની ટૂંક નોંધ આપવાનું હું યોગ્ય માનું છું.

વિ. સ. ૧૬૮૭ માં પડેલા ભયંકર દુષ્કાળમાં રાજસી શાહે લોકો માટે અન્ન સત્રો ખુલ્લાં મૂકાવ્યાં હતાં.

સંવત ૧૬૭૫ ના વૈશાખ સુદી ૮ ના પૂજ્ય શ્રી કલ્યાણસાગરસૂરિજી પાસે ૫૧૫ જિનબિંબોની અંજન શલાકા કરાવી હતી. તે પ્રસંગે રાજસી શાહે ત્રણ લાખ કોરીનો ખર્ચ કર્યો હતો.

સંવત ૧૬૬૦ માં શ્રી ધર્મમૂર્તિસૂરિ નવાનગર પધાર્યા હતા. રાજસી શાહે તેઓના ઉપદેશથી શત્રુંજયનો સંઘ કાઢવાનું નક્કી કર્યું.

સંવત ૧૬૬૫ માં પોતાના નાનાભાઈ નેણશી શાહ તેમ જ પુત્ર સોમા કમસી તથા નેતા ધારા, મૂલજી નામના પોતાના ત્રણ ભાઈઓના પુત્રો તથા પુત્ર રમસી સાથે શત્રુંજયનો સંઘ કાઢયો હતો. જેમાં પ્રચુર ધન વાપર્યું હતું.

શત્રુંજય ગિરિરાજની યાત્રા કરી જામનગર પાછા આવ્યા પછી એક વખત પોતાના મનમાં જિનાલય બંધાવવાની ઈચ્છા ઉત્પન્ન થઈ. તે માટે જામ સાહેબને વાત કરી. જામસાહેબે તેમની ઈચ્છા મુજબની જગ્યા જિનમંદિર બંધાવવા માટે આપી. તત્કાલ જામનગરની મધ્યમાં સંવત ૧૬૬૮ ના વૈશાખ સુદી ૩ ના દિવસે જિનમંદિરનું ખાત મૂહુર્ત કરાવ્યું.

આ જિનાલયના મૂળનાયક શ્રી શાંતિનાથ તથા ચૌમુખ દેરામાં સન્મુખ શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ તેમ જ બીજા જિનેશ્વર દેવોનાં ૩૦૦ બિંબ નવાં કરાવ્યાં. આ જિનાલય અને જિનબિંબોની પ્રતિષ્ઠા કરવા માટે બાદશાહ જહાંગીરે પણ તેમને સન્માન આપેલું હતું. તેવા ગચ્છનાયક અંચલગચ્છાધિપતિ પૂજ્યશ્રી કલ્યાણસાગરસૂરિજીને વિનંતિ કરીને નવાનગર પધારવા આમંત્ર્યા હતા. (સંવત ૧૬૭૫ ના વૈશાખ સુદી ૮ ના દિવસે અંજન શલાકા કરાવ્યાનું અગાઉ જણાવી ગયા છીએ.)

શ્રી રાજસી શાહે જામનગરમાં બંધાવેલા જિનાલયનું વાસ્તુ જશવંત મેઘાએ સંવત ૧૬૭૨ ના અષ્ઠમીના દિવસે શુભ મુહૂર્તમાં કર્યું હતું. તે વખતે ૯૯ ગજ લાંબા અને ૬૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગજ પહોળા વિશાળ જિનાલયનો પાયો નાખ્યો હતો. આ જિનાલયમાં મહેન્દ્ર નામક ચૌમુખ શિખરના ૬૦૯ શૃંગ અને ૫૨ જિનાલયનું નિર્માણ કરવામાં આવ્યું. તેમાં ૩૨ નાટ્યારંભ કરતી પૂતળીઓ, ૧ નેમિનાથની ચોરી, ૨૬ કુંભિ, ૯૬ થાંભલા ચૌમુખજીની નીચે અને ૭૨ થાંભલા ઉપરવર્તી થયા. આ પ્રમાણે નાગપદ્મ મંડપવાળા લક્ષ્મી તિલક પ્રાસાદમાં શ્રી શાંતિનાથ પ્રભુને મૂળ નાયક તરીકે સ્થાપન કરવામાં આવ્યા. દરવાજાની બંને બાજુએ બે હાથી બનાવવામાં આવ્યા. આબુ તીર્થના વિમળ શાહના જિનાલયની માફક નવાનગર-જામનગરમાં શ્રી રાજસી શાહનો યશ વિસ્તાર પામ્યો. આ સિવાય ઘણાં તીર્થોમાં અને ગામોમાં જિનમંદિરો તથા પૌષધશાળાઓ બંધાવી હતી.

સંવત ૧૬૭૫ માં જામનગરમાં આ પ્રતિષ્ઠા કરાવી, તે વખતે જામસાહેબે ઘણો સત્કાર કર્યો. સંવત ૧૬૮૭ ના ભયંકર દુકાળમાં ગરીબોને રોટલા તથા દરરોજનું દોઢ કળશી અનાજ દાનમાં આપ્યું. દુષ્કાળમાં જગડૂ શાહની માફક રાજસી શાહે અન્નસત્રો ખોલી ઘણાં પુણ્ય કાર્યો કર્યાં.

ઉપર જણાવી ગયા પ્રમાણે રાજસી શાહે શત્રુંજયનો સંઘ કાઢયો હતો. ત્યારબાદ તેમના પુત્ર રામસી શાહને ગોડી પાર્શ્વનાથની યાત્રા ન કરે, ત્યાં સુધી ભૂમિશયનનો નિયમ હોવાથી, ગોડી પાર્શ્વનાથનો સંઘ પણ કરાવ્યો હતો. આ સંઘમાં વાગડ, કચ્છ, હાલાર આદિ સ્થાનોના સંઘો આમંત્રણ મળતાં એકત્રિત થયા હતા. ગોડીજી તીર્થમાં પહોંચતાં રસ્તામાં જે કોઈ ગામ કે નગર આવ્યાં, ત્યાં દરેક ઘેર બે શેર સાકર અને રૌપ્ય-મુદ્રિકાની લહાણી કરતાં કરતાં, ધામધૂમપૂર્વક થરપારકરમાં આવેલા ગોડી પાર્શ્વના તીર્થની યાત્રા કરી હતી.

ઉપરોક્ત શ્રેષ્ઠી રાજસી શાહ અને તેમના પુત્ર શ્રેષ્ઠી રામસી શાહે જ ઉપર જણાવી ગયા, તે સંવત ૧૫૫૮ માં લખાયેલી કલાસમૃદ્ધ કલ્પસૂત્રની હસ્તપ્રત અંચલગચ્છાધિપતિ શ્રી કલ્યાણસાગરસૂરિજીને અર્પણ કરી હતી. પુષ્પિકામાં રાજસી શાહનો, 'રાજસિંહ' નામથી, રામસી શાહનો 'રામસિંહ' નામથી અને કલ્યાણસાગરસૂરિનો 'કલ્યાણસમુદ્ર'ના નામથી ઉલ્લેખ કરેલો છે.

જે પુણ્યપુરુષનો જન્મ આજથી ચારસો વર્ષ પહેલાં થયો હતો, અને જેમની ચારસોમી જન્મ શતાબ્દી નિમિત્તે આ સ્મારક ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે, તેમનો યત્કિંચિત પરિચય આપવાનું હું ઉચિત માનું છું.

### અંચલગચ્છાધિપતિશ્રી કલ્યાણસાગરસૂરિજી

આ પુણ્યપુરુષે મોગલ શહેનશાહ જહાંગીર બાદશાહ તથા અનેક રાજા મહારાજાઓને પ્રતિબોધ કર્યો હતો. ('અંચલગચ્છ દિગ્દર્શન' પાનાં ૩૮૯ થી ૪૫૫ માં ખૂબ વિસ્તારથી તેઓશ્રીનું જીવન ચરિત્ર આપવામાં આવેલું છે.) અહીં એકાદ બે પ્રસંગોનો ઉલ્લેખ કરું છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈક દુર્જનની પ્રેરણાથી મોગલ બાદશાહ જહાંગીરે પોતાના અમાત્ય કુંવરપાલ અને સોનપાલને જણાવ્યું કે, જો પાષાણની પ્રતિમા દશ દિવસમાં ચમત્કાર નહીં દેખાડે, તો આગ્રા શહેરમાં તમે બંધાવેલાં જિનાલયો તોડી નાખવામાં આવશે. આ અણધારી આવેલી આપત્તિની હકીકત તે વખતે વારાણસીમાં બિરાજમાન થયેલા પૂજ્યશ્રી કલ્યાણસાગરસૂરિજીને જણાવી. તેમણે આવેલા માણસને કહ્યું કે, 'તેઓ કોઈ પણ જાતની ચિંતા ન કરે.' તે માણસ આગ્રા પહોંચ્યો, ત્યારે કલ્યાણસાગરસૂરિજીને ત્યાં હાજર જોઈને વિસ્મય પામી ગયો.

પૂજ્યશ્રી કલ્યાણસાગરસૂરિજીએ તે વખતે સમ્રાટ જહાંગીરને ત્યાં આવ્યા. તે વખતે પૂજ્યશ્રી કલ્યાણસાગરજીના કહેવાથી બાદશાહે પ્રભુ પ્રતિમાને વંદન કરતાં, પાષાણની પ્રતિમાજીએ એક હાથ ઊંચો કરીને જહાંગીર બાદશાહને ઉચ્ચ સ્વરે ધર્મલાભ આપ્યો. બાદશાહ આ ચમત્કાર જોઈને વિસ્મય પામ્યો અને દશ હજાર સોનામહોરો પૂજ્યશ્રી કલ્યાણસાગરજીના ચરણે ભેટ ધરી. તે આચાર્યશ્રીની પ્રશંસા કરવા લાગ્યો. આચાર્યશ્રીની પ્રેરણાથી સંઘવી (મંત્રી) સોનપાલે એ મહોરો ધર્મકાર્યમાં વાપરી.

આવી જ રીતે વિ. સં. ૧૬૪૯ માં પૂજ્યશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી આચાર્યપદે આરુઢ થયા પછી, વિ. સં. ૧૬૫૬ માં ભુજ (કચ્છ)માં ભારમલ્લજીનો તેમને પરિચય થયો હતો. ભારમલ્લજી વાના રોગથી પીડાતા હતા. તેમણે આચાર્ય મહારાજને મહાપ્રભાવક જાણીને પોતાની વેદના વ્યક્ત કરી. ગુરુ મહારાજે પોતાની મંત્રશક્તિથી રાજાનો રોગ ઉપશાંત કર્યો. આથી આનંદિત થઈ રાજાએ ગુરુ મહારાજાને ૧૦૦૦ મુદ્રિકાઓ ભેટ ધરી અને રાણીઓએ સાચા મોતીથી તેઓશ્રીને વધાવ્યા. નિસ્પૃહી ગુરુશ્રીએ ધનનો અસ્વીકાર કરતાં, મહારાવે તેમની પ્રશંસા કરી, કોઈ કાર્ય ફરમાવવાનું કહ્યું. આચાર્યશ્રીએ જૈનના ઉદાત સિદ્ધાંતો સમજાવ્યા, જે અનુસરીને મહારાવે માંસાહારનો ત્યાગ કર્યો અને પોતાના સમગ્ર રાજ્યમાં પર્યુષણમાં આઠ દિવસ જીવહિંસા બંધ કરાવી અને ભૂજમાં રાજવિહાર નામે જિનપ્રાસાદ બંધાવ્યો.

પૂજ્ય આચાર્યદેવશ્રી કલ્યાણસાગરજી મહાપ્રભાવક અને મંત્રવિશારદ પણ હતા. સાથે સાથે તેઓશ્રી સમર્થ સાહિત્યકાર પણ હતા. તેઓશ્રીએ 'શાંતિનાથ ચરિત્ર ઈત્યાદિ ચરિત્રો.' 'શ્રી પાર્શ્વ સહસ્ર નામ સ્તોત્ર' ઇત્યાદિ શ્રી પાર્શ્વનાથ પ્રભુને લગતાં સ્તોત્રો તથા સ્તવનોની પણ રચના કરી હતી. તેઓશ્રી વિક્રમ સંવત ૧૭૧૮ ના વૈશાખ સુદ ૩ ના દિવસે સૂર્યોદય સમયે સમાધિપૂર્વક ભુજ નગરમાં કાળધર્મ પામ્યા હતા.

## મહોપાધ્યાય શ્રીવિનયસાગરજી

પૂજ્યશ્રી કલ્યાણસાગરસૂરિજીના શિષ્ય સમુદાયમાં મહોપાધ્યાયશ્રી વિનયસાગરજી પ્રકાંડ વિદ્વાન હતા. તેઓશ્રીએ સારસ્વત વ્યાકરણનાં સૂત્રો છંદોબદ્ધ કરી, તેના ઉપર પદ્યમાં ટીકા રચી હતી. આ ટીકા 'વિદુચિંતામણિ'ના નામથી પ્રસિદ્ધ છે. અગાઉ મારા સંગ્રહની સંવત ૧૬૭૮ માં ભુજમાં લખાયેલી સુંદર ચિત્રોવાળી 'સંગ્રહણી સૂત્ર'ના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખક પં. વિનયસમુદ્ર જ પાછળથી મહામહોપાધ્યાય પદવી પામ્યા હોવા જોઈએ. ઉપરોક્ત પ્રતનું લખાણ અને સંવત ૧૬૫૨ ની પુષ્પિકાઓના લેખક પણ આ મહાપુરુષ જ હોવા જોઈએ. બંનેમાં સંવત ગૂઢાક્ષરોમાં આપેલો છે. તેઓશ્રીએ સંવત ૧૬૮૮ થી ૧૭૦૧ ની વચ્ચેના કોઈ પણ સમયે રચેલું 'ભોજ વ્યાકરણ' કે જે કચ્છના મહારાવ ભારમલ્લજીના કુંવર ભોજરાજની તુષ્ટિ માટે તેમની વિનંતિથી રચ્યું હતું. વળી, સંવત ૧૭૦૨ ના કાર્તિક સુદ ૧૫ ને ગુરુવારે 'અનેકાર્થ નામમાળા' જેનું બીજું નામ 'અનેકાર્થરત્ન કોષ' છે, તેની રચના પણ તેઓશ્રીએ કરી હતી.

અંતમાં, જે મહાપુરુષની જન્મ શતાબ્દી નિમિત્તે આ ગ્રંથ તૈયાર થયો છે, તે પુરુષના પોતાના સંગ્રહની ઉત્તમોત્તમ સુવર્ણકારી હસ્તપ્રત, કે જે સંવત ૧૫૫૮ માં પાટણમાં લખાઈ હતી અને સંવત ૧૬૫૨ માં જામનગરનિવાસી ઉદાર અને પુણ્યવાન દાનેશ્વરી રાજસી શાહ તથા તેમના પુત્ર રામસી શાહે પૂજ્યશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીને પ્રેમભાવે જગતમાં જ્યાં સુધી સૂર્ય, ચંદ્ર, તારા ઇત્યાદિ અસ્તિત્વ ધરાવે, ત્યાં સુધી તેનું ચિરકાળ વાંચન ચાલુ રહે અને ચતુર્વિધ સંઘ તેનાં દર્શન, અને શ્રવણનો લાભ લે તેવી અંતઃકરણની મહેચ્છાઓપૂર્વક અર્પણ કરી હતી. તે હસ્તપ્રતનું ચતુર્વિધ સંઘ અને જગતના સંઘ અને જગતના કલાપ્રેમીઓ લાભ લઈ શકે તેવી રીતે આ સ્મૃતિ ગ્રંથ પ્રકાશનની વ્યવસ્થા કરનાર મહાનુભાવો અને હાલમાં બિરાજમાન અંચલગચ્છીય આચાર્યશ્રી ગુણસાગરસૂરીશ્વરજી તથા સાહિત્યપ્રેમી શ્રી કલાપ્રભસાગરજી ઇત્યાદિ લાભ લઈ શકે, તેવી રીતે જામનગરના અંચલગચ્છના ઉપાશ્રયના સંગ્રહમાં આજ દિવસ સુધી ઉત્તમ રીતે રક્ષણ કરાયેલી આ ઉત્તમોત્તમ કલાસમૃદ્ધ દિવ્ય ગ્રંથરત્નનું પ્રકાશન કરવા જો પ્રેરાશે તો હું આ લેખ લખવાની સાર્થકતા માની, અને સાથે સાથે આ કાર્યમાં જ્યારે મારી સેવાની અથવા સલાહની જરૂરિયાત ઉપસ્થિત થશે, ત્યારે તે વિના સંકોચે, નિસ્વાર્થ ભાવે આપીશ. આ પ્રતના સુંદર પ્રકાશનને પ્રકાશિત કરવા માટે ફક્ત એક લાખ રૂપિયાની આવશ્યકતા છે; અને આટલી રકમ મુંબઈના શ્રી અનંતનાથજી દેરાસર ટ્રસ્ટ, જામનગરના અંચલગચ્છીય ઉપાશ્રયનું ટ્રસ્ટ ઇત્યાદિ ટ્રસ્ટો ધારે તો અવશ્ય કરી શકે.

આ રકમનો વ્યય કરવાનો નથી, પરંતુ, આવા સુંદર પ્રકાશનની યોગ્ય કિંમત રાખીને, તેનું વિતરણ કરવાથી મૂળ રકમ તેના વ્યાજ સહિત ઉત્પન્ન થઈ શકે તેમ છે, એમ મારા વર્ષોના જૈન કલા–સાહિત્ય પ્રકાશનના અનુભવ ઉપરથી કહું છું. આ લેખના વાંચનારાઓને શાસનદેવો આ અમૂલ્ય પ્રકાશનને પ્રકાશિત કરીને તેના મુખ્ય સંગ્રાહક શ્રેષ્ઠી રાયસી શાહ, રામસી શાહ અને અંચલગચ્છાધિપતિ ભટ્ટારક શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીનું નામ અમર કરવા પ્રેરણા આપો, એ જ અભ્યર્થના !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org